PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ 1583-5 તારીખ : ૨૧-૦૪-૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
શ્રી અફસાનાબેન રજાકભાઈ દલ
જયપ્રકાશ નગર શેરી નંબર ૧૪, હુસેનીચોક, ભગવતીપરા મેઈન રોડ ભારત પાન સામે ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૭૫૬૭૮૨૯૧૭૮

વિષય : ઘરવપરાશનું વીજબીલ વધુ આવવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૩-૦૩-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૭/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૭/ક્વા-૪/૨૨-૨૩/ 1583-5 તા. ૨૧.૦૫.૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૭/ક્વા-૪/૨૨-૨૩, તા.૨૩-૦૩-૨૦૨૩

અરજદાર : શ્રી અફસાનાબેન રજાકભાઈ દલ, મુ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી વતી રજાકભાઈ જેમલભાઈ દલ

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૧

રજૂઆત કરનાર : શ્રી બી. સી. રાઠોડ, કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી કે.સી.પારેખ નાયબ અધિક્ષક હિસાબનીશ પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૧૩.૦૪.૨૦૨૩ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૦૪.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી અફસાનાબેન રજાકભાઈ દલ ગ્રાહક નંબર ૬૨૯૦૪/૦૩૧૭૫/૮ થી ઘરવપરાશનું ૦.૫ કિ.વો.નુ વીજજોડાણ ધરાવે છે, તેઓને પીજીવીસીએલ દ્વારા તા.૦૨.૦૩.૨૦૨૩ ના રોજ રૂ.૬૩૬૦૯.૯૨ નુ વીજબીલ આપેલ જે તેઓના વીજવપરાશ કરતા ખુબ વધારે હોય જેથી બીલની અને લેબરીપોર્ટની નકલ જોડીને અરજદારે અત્રેના ફોરમાં સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત મુજબ મોરબી રોડ પેટાવિભાગના ગ્રાહકશ્રી અફસાનાબેન રજાકભાઈ દલ, ગ્રાહક નં.૬૨૯૦૪/૦૩૧૭૫/૮ ને ઘરવપરાશ વીજજોડાણમાં માહે જાન્યુ-ફેબ્રુ-૨૦૨૩ નું તા.૦૨.૦૩.૨૦૨૩ ના રોજ કુલ રૂ.૬૩૬૦૯.૯૨ નું વીજબીલ આપેલ છે, જે બીલ વીજવપરાશ કરતા ઘણું વધારે હોવાની અરજદારની રજૂઆત છે.

૩.૧ મોરબી રોડ પેટાવિભાગીય કચેરીની રજૂઆત મુજબ અરજદાર ગ્રાહકનું મકાન ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૦ થી બંધ હોવાને કારણે રીડીંગ લઇ શકાયેલ ન હોય તેથી ગ્રાહકને "લોક" સ્ટેટ્સનું આપવામાં આવેલ. ત્યારબાદ ગ્રાહકની ફોલ્ટી મીટર બદલવાની અરજી અનુસંધાને તા.૦૭.૧૦.૨૦૨૨ ના રોજ મીટર સદર મીટર ચેન્જ કરવામાં આવેલ અને નવું મીટર લગાડવામાં આવેલ જેના મીટરના સીરીયલ નં - ૫૩૯૬૨૨૬ છે.

૩.૨ ગ્રાહકની મીટર ચેન્જની એન્ટ્રી સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૨ ના એસેસમેન્ટમાં એલટી બિલીંગ સીસ્ટમમાં અપડેટ થયેલ છે અને લેજર મુજબ રકમ રૂ.૫૭૩૭૩=૦૭ નું બીલ બનેલ છે.

3.3 સદર ગ્રાહકનું જુનું મીટર મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૦.૧૦.૨૦૨૨ ના રોજ ચેક કરવામાં આવેલ જેમાં ગ્રાહકના પ્રતિનિધિ શ્રી રજાકભાઈ દલ હાજર રહેલ હતા. લેબ રીપોર્ટ મુજબ મીટર ડિસપ્લે ઓફ હોવાથી મીટર ફોલ્ટી માલુમ પડેલ છે. જેથી એવરેજ બીલ આપવાપાત્ર થયા છે.

## ::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી અફસાનાબેન રજાકભાઈ દલ ગ્રાહક નંબર ૬૨૯૦૪/૦૩૧૭૫/૮ થી ઘરવપરાશનું ૦.૫ કિ.વો.નુ વીજજોડાણ ધરાવે છે, તેઓનું મકાન ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૦ થી બંધ હોવાને કારણે લોકનું આપવામાં આવેલ, અરજદારશ્રીની તા.૦૭-૧૦-૨૦૨૨ ના રોજની મીટર ફોલ્ટી હોવાની અરજીના અનુસંધાને પ્રફોર્મા-૧૫ નં RCC No. 864531 થી નીચે મુજબ મીટર બદલાવેલ છે. કોષ્ટક નં - (૧)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| Particulars | Old Meter Dt.07.10.2022 | New Meter Dt. 07.10.2022 | Lab Test Dt. 20.10.2022 |
|---|---|---|---|
| Make | L & G | Linkwell | L & G |
| Meter No | PGST 00919984 | PG 5396226 | PGST 00919984 |
| Capacity | 5-30 | 5-30 | 5-30 |
| C. Reading | Not Readable | 0 | Not Readable, Meter Faulty |

૪.૨ સદર અરજદારનો વીજ વપરાશ પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે પ્રમાણે નોંધાયેલ છે. કોષ્ટક નં - (૨)

| Sr. No. | BILING PERIOD | Date | CURR-RDG | PAST-RDG | CONSMPTN | MST |
|---|---|---|---|---|---|---|
| 1 | DEC,JAN,19 BIL FEB,20 | 04-02-20 | 6840 | 6746 | 94 | |
| 2 | FEB,MAR,20 BIL APR,20 | 2-4-20 | 6840 | 6840 | 140 | N |
| 3 | APR,MAY,20 BIL JUN,20 | 11-6-20 | 6840 | 6840 | 140 | L |
| 4 | JUN,JUL,20 BIL AUG,20 | 26-7-20 | 6840 | 6840 | 0 | L |
| 5 | AUG,SEP,20 BIL OCT,20 | 25-9-20 | 6840 | 6840 | 0 | L |
| 6 | OCT,NOV,20 BIL DEC,20 | 25-11-20 | 6840 | 6840 | 0 | L |
| 7 | DEC,JAN,21 BIL FEB,21 | 18-1-21 | 6840 | 6840 | 0 | L |
| 8 | FEB,MAR,21 BIL APR,21 | 18-3-21 | 6840 | 6840 | 0 | L |
| 9 | APR,MAY,21 BIL JUN,21 | 27-5-21 | 6840 | 6840 | 0 | L |
| 10 | JUN,JUL,21 BIL AUG,21 | 26-7-21 | 6840 | 6840 | 0 | L |
| 11 | AUG,SEP,21 BIL OCT,21 | 28-9-21 | 6840 | 6840 | 0 | L |
| 12 | OCT,NOV,21 BIL DEC,21 | 24-11-21 | 6840 | 6840 | 0 | L |
| 13 | DEC,JAN,22 BIL FEB,22 | 24-1-22 | 6840 | 6840 | 0 | L |
| 14 | FEB,MAR,22 BIL APR,22 | 29-3-22 | 6840 | 6840 | 0 | L |
| 15 | APR,MAY,22 BIL JUN,22 | 9-6-22 | 6840 | 6840 | 0 | L |
| 16 | JUN,JUL,22 BIL AUG,22 | 5-8-22 | 6840 | 6840 | 0 | L |
| 17 | JUL,AUG,22 BIL SEP,22 | 23-9-22 | 6840 | 6840 | 0 | L |
| 18 | SEP,OCT,22 BIL NOV,22 | 10-11-22 | 6840 | 1 | 6839 | |
| 19 | NOV,DEC,22 BIL JAN,23 | 31-1-23 | 6840 | 6840 | 850 | L |
| 20 | JAN,FEB,23 BILL MAR,23 | 15-03-23 | 6840 | 6840 | 0 | |

વધુમાં સદર ગ્રાહકની મીટર ચેન્જની એલ.ટી. બિલીંગમાં વિગતો નીચે મુજબ નોંધાયેલ છે. કોષ્ટક નં - (૩)

| Particulars | | | | New Meter Detail | | | Old Meter Detail | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Meter Change Date | CRM Update Date | Delay Days in Entry | Upd Source | Meter No. | KWH Reading | MF | Phase | Rent Code | Meter No. | Past KWH Reading | Billing Final KWH Reading | Past KVARH Reading | MF |
| 07-10-22 | 02-11-22 | 26 | CRM | PGST05396226 | 1 | 1 | S | A | PGST-00919984 | 6840 | 6840 | 0 | 1 |

ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ દ્વારા મીટર ચેન્જની વિલંબિત એન્ટ્રી તા.૦૨.૧૧.૨૦૨૨ થી કરાયેલ છે, જેની વીજબીલમાં અસર આવેલ નથી, તે અંગેની કોઈ કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ નથી, જે બાબત પણ ગંભીર જણાય છે, જેથી સત્વરે જરૂરી કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૩ સદર કેસમાં લાગુ પડતી બાબતો નામદાર GERC ના ધારાધોરણ—એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ માં નીચે મુજબના ક્લોઝ નોંધાયેલ છે.

ક્લોઝ નં. ૬.૨૧ "કોઇપણ કારણસર બિલ તૈયાર કરવાના કામ દરમ્યાન મીટર વાંચવામાં ન આવે, તો પરવાનેદાર વાંચન લેવાયેલ હોય તે છેલ્લા ત્રણ મહિનાના સત્રમાં સરેરાશ વપરાશને આધારે કામચલાઉ બિલ તૈયાર કરશે. આવી કામચલાઉ બિલ તૈયાર કરવાની વ્યવસ્થા સળંગ બે બિલીંગ અવધિ (સાઇકલ) કરતાં વધુ સમય માટે ચાલુ રહેશે નહીં. બિલ તૈયાર કરવાની બે અવિધ (સાયકલ) પછી પણ મીટર વાંચન શક્ય ન હોય તો પરવાનેદાર, ગ્રાહકને લાગુ પડતા ન્યૂનતમ ચાર્જ અને/અથવા નિયત ચાર્જ માટે બિલ મોકલશે."

ક્લોઝ નં. ૬.૨૨ "જો મીટર બે અનુક્રમિક મીટર વાંચન તારીખે અલભ્ય રહે તો તે ગ્રાહકને નિર્દિષ્ટ તારીખ અને (નોટિસની તારીખ પછી ઓછામાં ઓછા ૭ દિવસ) સમયે વાંચન માટે મીટર સુલભ કરવામાં આવે તેવી નોટીસ મોકલાશે."

ક્લોઝ નં. ૬.૨૩ "નિર્દિષ્ટ તારીખે પણ મીટર સુલભ ના હોય તો, ૭ દિવસની અંદર મીટર વાંચન કરાવી લેવા માટેની નોટિસ પરવાનેદાર, જો ગ્રાહક ઉપલબ્ધ હોય તો તેને આપશે અથવા તેની જગ્યાના મુખ્ય પ્રવેશ દ્વાર પર ચોંટાડશે. આમ કરવામાં ગ્રાહક નિષ્ફળ ગયે, પૂરવઠો કાપી નાખવામાં આવશે."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ક્લોઝ નં. ૬.૫૭ મુજબ "સ્થળ પરની બિલ સિસ્ટમમાં ન આવરી લેવાયેલ બધા કેસોમાં જો પરવાનેદાર મીટર વાંચી શકે તેમ ન હોય તો, આગલાં ૩ બિલોની સરેરાશ વપરાશના આધારે કામચલાઉ બિલ આપી શકશે. આમ છતાં પરવાનેદારે સુનિશ્ચિત કરવું કે આવું કામચલાઉ બીલીંગ, સળંગ બે બીલીંગ અવધિથી વધુ લંબાવવું જોઇએ નહિ અને એક નાણાકીય વર્ષ દરમ્યાન બે કરતાં વધુ કામચલાઉ બિલ એક ગ્રાહક માટે બનેલા હોવા જોઇએ નહી. આવા કામચલાઉ બિલો પછીના ખરેખર મીટર વાંચનને આધારે સરભર કરવા."

ક્લોઝ નં. ૬.૫૮ મુજબ "....ખામીયુક્ત મીટર જણાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ૦૩ બીલિંગ અવધીના સરેરાશ વીજવપરાશના બીલો ના આધારે ગ્રાહકને બિલ આપવું, પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધી દરમ્યાન સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઇ શકાય આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ ત્રણ બિલિંગ અવધી માટે વસુલવાપાત્ર થશે પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને /અથવા કબજાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઈ પુરાવો આપ્યો હોય, કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે."

૪.૪ ઉપરોક્ત કોષ્ટક નં – (૨) મુજબ અરજદારને માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૦ નું "N" સ્ટેટ્સનું વીજબીલ અપાયેલ છે. ત્યારબાદ માહે એપ્રિલ-મે-૨૦૨૦ થી માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૨૨ સુધીના તમામ ૧૫ વીજબીલો લોકના અપાયેલ છે, જે નામદાર જીઇઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ૬.૨૧ થી ૬.૨૩ મુજબ પીજીવીસીએલ દ્વારા કાર્યવાહી કરાયેલ નથી જે ખુબજ ગંભીર બાબત છે.

પીજીવીસીએલ દ્વારા જે તે વખતે સમયસર નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ હોતતો સદર પ્રકારની ફરિયાદ ઉપસ્થિત થવા ન પામત.

વધુમાં અરજદારનું જુનું મીટર સીરીયલ નં PGST 00919984 તા.૦૭-૧૦-૨૦૨૨ ના રોજ ઉતારેલ જેનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીના રીપોર્ટ તા.૨૦-૧૦-૨૦૨૨ મુજબ મીટર ફોલ્ટી છે, જે સંજોગોમાં નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૬.૫૮ મુજબ વીજબીલ વસુલવાની કાર્યવાહી કરવાની હોય છે, પરંતુ પીજીવીસીએલ દ્વારા સદર કાર્યવાહી થયેલ નથી.

૪.૫ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારનું સવાલવાળું મીટર તા.૦૭.૧૦.૨૦૨૨ ના રોજ બદલાવેલ છે, તેમજ સદર જુનું મીટર ફોલ્ટી હોય નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૬.૫૮ મુજબ નીચે મુજબના વીજબીલો અરજદારના નવા મીટરમાં નોંધાયેલ ૦૨/૦3 બીલની અવધી દરમ્યાન થયેલ સરેરાશ વપરાશ ગણતરીમાં લઇ રીવાઈઝ કરવા. કોષ્ટક નં – (૪)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 16 | JUN,JUL,22 BIL AUG,22 | 5-8-22 | 6840 | 6840 | 0 | L |
| 17 | JUL,AUG,22 BIL SEP,22 | 23-9-22 | 6840 | 6840 | 0 | L |
| 18 | SEP,OCT,22 BIL NOV,22 | 10-11-22 | 6840 | 1 | 6839 | |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

વધુમાં અરજદારનું સવાલવાળું મીટર બદલ્યા બાદ પણ નવા મીટરમાં નોંધાયેલ રીડીંગ પ્રમાણે વીજબીલ અપાયેલ નથી, જેથી નવા મીટરના સચોટ રીડીંગ મળ્યા બાદ તે પ્રમાણે નીચે મુજબના વીજબીલો રીવાઈઝ કરવા. કોષ્ટક નં – (૫)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 19 | NOV,DEC,22 BIL JAN,23 | 31-1-23 | 6840 | 6840 | 850 | L |
| 20 | JAN,FEB,23 BILL MAR,23 | 15-03-23 | 6840 | 6840 | 0 | |

૪.૬ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી પ્રત્યે ૦૨ વર્ષના સમયગાળા સુધી સંપૂર્ણ દરકાર રખાયેલ ન હોવાથી, તેમજ સવાલવાળું મીટર ફોલ્ટી હોવાથી અને તેના અંતિમ રીડીંગ લેબમાં ન મળી શકવાથી સદર ગ્રાહક દ્વારા સ્થળ પર માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૦ થી ફોલ્ટી મીટર બદલ્યા તા.૦૭.૧૦.૨૦૨૨ સુધીના સમયગાળામાં ખરેખર કેટલો વીજવપરાશ કરાયેલ છે તેના કોઈ આધાર-પુરાવા મળી શકેલ નથી, જે ખરેખર ખુબજ ગંભીર બાબત હોવાથી જવાબદાર અધિકારી/કર્મચારી સામે કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવી. આ પ્રકારની બેદરકારીનું પુનરાવર્તન ન થાય તે અંગે જરૂરી નિયમાધીન કાર્યવાહી વર્તુળ કચેરી દ્વારા કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ અને ૪.૫ મુજબની કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા દિવસ-૧૦ માં અરજદાર અને અત્રેના ફોરમની જાણકારી હેઠળ પૂર્ણ કરવી તેમજ મુદ્દા નં ૪.૬ મુજબની વિગતે કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"